

## 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૨૦)

કલકત્તા
૪-૯-૫૬

ૐ

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

**આત્માર્થી... સોનગઢ ધર્મસ્નેહ.**

કાર્ડ મળ્યું. પરમ પૂજ્ય મહાન્ યોગી 'શ્રી ગુરુદેવ'નાં ચરણોમાં સાદર પ્રણામ. આશા છે કે 'ગુરુદેવશ્રી' સુખ-શાંતિમાં બિરાજમાન હશે, અને આપ પુણ્યવાન જીવ તેમની સાક્ષાત્ અમૃતવાણીથી પૂર્ણ તૃપ્ત થતા હશો.

લાંબા કાળથી, હીન યોગથી મને તો પ્રત્યક્ષ ગુરુદર્શનનો અભાવ રહ્યો છે. શિખરજીની યાત્રા વખતે અથવા કલકત્તાના પ્રોગ્રામ વખતે પુણ્યોદયથી સાક્ષાત્ દર્શનનો લાભ મળવાનો છે એ જાણીને ચિત્તમાં ઘણી પ્રસન્નતા છે.

ભાદરવા સુદ ૫ ના દિવસે બહેનો આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેશે એ પ્રસંગ ઘણો સુખપ્રદ બનશે. શાંતાબહેનનું કાર્ડ આજે મળ્યું, તેથી જાણવા મળ્યું કે અચરજ બહેનની દીકરી પણ પ્રતિજ્ઞા લેશે - એ ઘણો હર્ષનો વિષય છે. હું આ પ્રસંગે હાજર રહેવા માટે જેમ બહેને લખ્યું છે તેમ ત્યાં આવી શકું એમ નથી - એનો મને ખેદ છે. બહેનને મારી અસમર્થતા સૂચિત કરી દેશો. પ્રસંગ પ્રત્યે મારી હાર્દિક અનુમોદના છે.

બહેનો વિચારતી હશે કે નિહાલભાઈએ ન પત્ર લખ્યો કે ન આવ્યા. કદાચ સુમાર્ગથી હઠવાનું તો નથી થયું ને ? કારણ કે અશુભ યોગમાં તો પ્રવૃત્તિ છે અને શુભ તરફ ઉદાસીનતા દેખાય છે - મારા પ્રત્યે અનુરાગ છે ને ! તેથી આપને કહીને કાર્ડ નંખાવ્યું હશે. વિકલ્પાત્મક વૃત્તિઓનું તો સહજ જ અનુમાન કરી લેવાય છે, પરંતુ નિર્વિકલ્પતાનું માપ તો બહારથી કરી શકાતું નથી. આ તો પોતાના સમાધાનનો વિષય છે. બહેનોનો તેમ જ આપનો મારા પ્રત્યે વાત્સલ્યવત્ અનુરાગ છે, તેમ જ મારો પણ આપ લોકો પ્રત્યે છે. 'આ એક માર્ગમાં ચાલનારાઓનો સહજ સંબંધ છે. એકાકાર (ચૈતન્ય) ગોળામાં પ્રવેશેલી દષ્ટિથી વૃત્તિઓમાં ફેરફાર કરી શકાતો નથી, જડ પત્રાદિકની વાત તો દૂર રહી. હા, આ દષ્ટિથી યથાર્થ ધ્યેય તેમ જ માર્ગની નિઃશંકતા અવશ્ય છે ને તે અનુભવગમ્ય છે. શક્તિની નિરંતર પકડ અથવા એકતાથી અથવા હું શક્તિમયી જ છું આવા અનુભવથી વૃત્તિઓના સહજ ફેરફારનું પ્રત્યક્ષ સમાધાન થાય છે, તેમ જ 'ગુરુદેવ'ની વાણીનો સાક્ષાત્ અર્થ સમજવામાં આવે છે, જેનું ફળ વૃદ્ધિગત થતાં સુખની પૂર્ણતા છે. અશુભમાં સહજ ખેદ અને શુભમાં કંઈક ઉત્સાહ સહજ જ થાય છે; પરંતુ આ બંનેમાં અથવા શુદ્ધતામાં પણ ફેરફાર કરવાથી કોઈ પ્રયોજન નથી. 'માત્ર (ચૈતન્ય) પિંડ છું, વૃત્તિ નહીં' એવા 'ગુરુદેવ'નાં વચનો હૃદયમાં ઉતારી લીધાં છે.

- શેષ હવે પછી.

**ધર્મસ્નેહી**
**નિહાલચંદ્ર**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૫ : અંક-૨૪૭, વર્ષ-૨૩, જુન-૨૦૧૮

## અષાઢ સુદ ૮, રવિવાર, તા.૨૬-૦૬-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૫૧, પ્રવચન-૧૮

**'શરીરને નરકનું ઘર જાણો.'** એમ લખ્યું છે. પાઠમાં બીજું છે.

**जेहउ जज्जरु णरय-घरु तेहउ बुज्झि सरीरु।**
**अप्पा भावहि णिम्मलउ लहु पावहि भव तीरु।।५१।।**

શું કરવા આ કહે છે? ભગવાન અનાકુળ આનંદના પ્રેમમાં, કહે છે કે, આ શરીર નરકના ઘર જેવું જર્જરિત તને દેખાશે. નવ દ્વારથી પેશાબ, વિષ્ટા, થૂંક, ચારે કોરથી પરસેવો ઝરે એવી આ ધૂળ છે. ભગવાનઆત્મા આનંદનો કંદ છે. આહાહા..! કહો, ભાઈ! આત્મા આનંદ સચ્ચિદાનંદ સત્ શાશ્વત, શાશ્વત જ્ઞાન અને આનંદનો દરિયો, સરોવર છે ભગવાન, એના પ્રેમ વિના તને આ શરીર મીઠું લાગે છે. બટકા ભરીએ, શરીરના જાણે ભોગ લઈએ, શું કરીએ જાણે સુંવાળું લાગે, આમ કરીએ. શું છે પણ? આ તો હાડકાં છે, ચામડા છે, માંસ છે, લોહી છે, પરુ છે. એક શેરડી જેટલી જરી ચામડી ઉતરડાય, શેરડીની છાલ, શેરડી સમજો છો? ગન્ના.. ગન્ના. એક છોરડી ઉતારે તો ખબર પડે, થૂંકવા ઊભો ન રહે. કહેતો હતો ને મારે ભોગને માટે (છે), ભારે સુંવાળા શરીર, ભારે માખણ જેવા! ધૂળમાંય નથી, મૂર્ખ! તારા શરીરમાં તો હાડકા ને ચામડા ભર્યા છે એકલા. આહાહા..! સમજાણું? જુઓ!

**'जेहउ णरय-घरु जज्जरु'** અહીં તો **'શરીરને નરકની ઉપમા આપી છે.'** આહાહા..! **'નરકમાં સર્વ અવસ્થા ખરાબ અને ગ્લાનિ ઉપજાવે તેવી હોય છે...'** નીચે નરકમાં છે ને નારકી? આ માંસ ને દારૂ ખાનારા લંપટીઓ મરીને નરકમાં જાય છે. સમજાય છે? આ મહારાજા, આ રાજાઓ બધા કહેવાય ને? બધા મોટરું-બોટરુંમાં ચાલનારા. લાખો-કરોડો માણસને મારે, માછલાને મારે, માંસ ખાય, દારૂ પીવે, પરસ્ત્રીના લંપટીઓ, એ બધા નરકના મહેમાન થાય છે. માર ખાવા માટે. અહીં તો ખમ્મા ખમ્મા થતી હોય, બધા મરીને હેઠે ગયા. આ રાજા, મહારાજા બધા ત્યાં (ગયા છે), હોં! આ 'જ્યોજબ્યોર્જ' ને 'એડવર્ડ' ને બધાય. આહાહા..! અને સાડા ત્રણ કરોડ, પાંચ-પાંચ કરોડના બંગલામાં સૂતા હોય. હેં?

મુમુક્ષુ : વાર શું કોની લાગે?

ઉત્તર : કોની લાગે? પાણીના પથરા મોટા ભારે હોય એ પાણીમાં પડે ભેગા હેઠા. એમ એકલા પાપ, આત્માને ભૂલીને નરકના પાપ (કર્યા હોય) એ પાપનો બોજો વધ્યો, (એ) જાય નરકે હેઠે. કહે છે કે, એની પ્રતિકૂળતા નરકમાં (ઘણી છે). એવું અહીં તો શરીર વર્ણવવું છે, હોં! જેમ ગ્લાનિકારક છે, ખરાબ છે, મળ-મૂત્રથી ભરેલું છે, નારકી. ખારું પાણી, અંગ છેદી

વગેરે વગેરે. નરકવાસમાં ક્ષણમાત્ર પણ શાતા નથી. કોઈ સુખકારી એમાં નથી, એમ.

**'માનવનું આ શરીર પણ નરક જેવું છે.'** લ્યો! અહીં તો (આ) ઉપમા આપી, જુઓ! આહાહા..! શું કહેવા માગે છે આચાર્ય? કે, જેમ નરકમાં ઊપજતા, મોટા મહારાજા મરીને નરકમાં ગયો તો હાય.. હાય..! અર..ર..! આ શું છે? એને પૂર્વ ભવની ખબર ન હોય કે, હું એક રાજા હતો ને મરીને (અહીંયાં) આવ્યો છું. અરરર! શું છે આ? જ્યાં ઊપજે ત્યાં માથે મધના પૂડા હોય છે. મધના પૂડા જેવા ઉત્પત્તિ સ્થાન હોય છે ત્યાં ઊપજે. અને ઊપજે ભેગા હેઠે છત્રીસ પ્રકારના શસ્ત્રો હોય છે. છત્રીસ પ્રકારના નીચે શસ્ત્રો, એમાં પડે. ફ..ટ..! કટકા. અહીં હજી મહારાજાને ઢોલિયામાં કાઢતા હોય. મોટા રાજા આદિને ઢોલિયામાં કાઢે ને? ઢોલિયા.. ઢોલિયા સમજો છો? મોટો પલંગ હોય. હાથમાં હોકા આપ્યા હોય, માથે ખંડેલ બંધાવ્યા હોય. શું કહેવાય એની? પાલખી! અહીં પાલખી નીકળતી હોય, ન્યાં નરકે પોઢ્યા હોય. હાય..! અરે...! આ અવતાર! શું છે આ તે? આ શું છે? કેટલો કાળ (રહેવાનું)? કઈ સ્થિતિ? બીજા પરમાધામી આવે (અને કહે), આ નરકનું સ્થાન છે. પાપી તમે પાપ કર્યા માટે અહીં અવતર્યા. જેમ એ નરકનું શરીર (છે) અથવા નરકસ્થાન સારું નથી લાગતું એમ આ શરીર નરક જેવું છે એમ અહીં બતાવવું છે. આહાહા..! બીજી વાત તો ક્યાંય રહી ગઈ.



અહીં તો આત્મા સામે એક શરીર નાખ્યું. શરીર **'જજ્જરુ'** નરકના સ્થાન જેવું છે. કહો, સમજાણું? જુઓ! એમાં જરી લખ્યું છે, **'શરીર ઉપરની ચામડી ખસેડી લેવામાં આવે તો પોતાને જ આ શરીર પ્રત્યે ઘૃણા થઈ જાય,...'** જરી ચામડી ઉતારે ત્યાં અંહ..હ.. દુર્ગંધ લાગે. આમ જાણે બટકા ભરી લઉં કે ખાઈ લઉં, શું કરું? એને એમ લાગે. એને જરી ચામડી ઉતરડીને દેખાડે (તો) આ..હા...! ઉં..હું..! એના ભાગ કરીને આપે, એક તપેલામાં માંસ, એકમાં એનું લોહી, એકમાં એના ચામડા, એકમાં એના હાડકાં, એકમાં દાંત (એમ) બધા જુદા ભાગ બતાવે (તો એમ કહે), અર..ર...! આ શરીર? ત્યારે ઈ શરીર કોનું શરીર છે? ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે. આહાહા..! એમ બતાવવા વાત કરી છે, હોં! ઘૃણા કે દ્વેષ કરાવવા નહિ. ભાઈ! તું અતીન્દ્રિય આનંદનો કંદ છો ને, પ્રભુ! એના પ્રેમ છોડીને તને આવા નરકના જેવા શરીરના પ્રેમમાં ફસાઈને જિંદગી ગાળે છે, એમાં ને એમાં. ચોવીસ કલાક એની સંભાળ. એને ખવરાવવું ને એને પીવડાવવું ને એને નવડાવવું ને એને ધોવરાવવું ને સૂવડાવવું... આહાહા..! સવાર પડે ત્યાં પાછું ઈ. આ પણ વખત તારો ચાલ્યો જાય, આ હોળી નરક જેવું શરીર છે, એમ અહીં તો કહે છે. આવા આનંદકંદની સામું જોયા વિના આમાં ને આમાં તારું (જીવન) જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'કરોડો રોગોનું સ્થાન છે.'** કહો! **'શરીરમાં**

**બાળપણ પરવશપણે ઘણા જ કષ્ટથી વીતે છે.**' એક તો શરીરનું બાળકપણું હોય, બાળકપણું હોય છે ને શરીરનું? (એ) પરાધીનપણે જાય. '**યુવાનીમાં ઘોર તૃષ્ણા શાંત કરવા માટે ધર્મની પણ દરકાર ન કરતાં...**' યુવાન અવસ્થામાં રળવાનું હોય, બસ! રળો. અહીંયાં જાઓ, અહીં જાઓ, અહીં જાઓ. રખડો..! '**વૃદ્ધાવસ્થામાં અશક્ત થઈને ઘોર શારીરિક અને માનસિક વેદના સહે છે.**' લ્યો!

'**આ મનુષ્ય શરીરથી એવું સાધન થઈ શકે છે કે ફરી ક્યાંય પણ શરીર ધારણ કરવું ન પડે.**' કહે છે કે, આવો નરકના સ્થાન જેવો નરદેહ છે પણ એમાં જો આત્મા પોતાનું સાધન કરે તો ફરી દેહ મળે નહિ. ફરી દેહ ન મળે એવું અહીં આત્મામાં સાધન છે. આહાહા..! પણ ઈ આત્મા શું એને માહાત્મ્ય આવતું નથી. આ કંઈક દયા પાળું ને વ્રત પાળું ને ભક્તિ કરું ને પૂજા કરું, શરીર કરું, જાત્રા કરું ને ઓળી કરું, ભોગ લઉં. એવી ક્રિયાકાંડ ને રાગને દેખવામાં એની જિંદગી જાય છે. ભગવાનની ભક્તિ એ રાગ છે, શુભરાગ છે. એ ભગવાનની ભક્તિ શુભરાગ છે, હિંસા છે. આવે ભલે પણ છે હિંસા. આત્માની હિંસા થાય છે. એ ભાઈ! શું આ પણ હા..જી કરો છો? ભગવાનની ભક્તિ હિંસા? કોઈ કરશે નહિ. સાંભળને! કરે ન કરે, ઈ ભાવ આવ્યા વિના રહેશે નહિ. પણ એ ભાવ, ભગવાનની ભક્તિનો ભાવ પણ શુભરાગ (છે). શુભરાગ પણ સ્વભાવની હિંસા (કરે છે). આહાહા..! કહે છે કે, તારો પ્રેમ ન્યાં લૂંટાઈ ગયો, અહીં તો જોતો નથી, એમ અહીં તો કહે છે. એ બધા શરીરના રાગ, બહારના રાગ, પ્રેમ એમાં તું લૂંટાઈ ગયો. તને આત્મા ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, સિદ્ધ સમાન સદા પદ મેરો, એવા આત્મા ઉપર તો તને પ્રેમ ને રતિ ને રુચિ થઈ નહિ. રતિ, રુચિ થયા વિના તારા જન્મ-મરણ મટવાના નથી.

પણ વાત તો જેમ હોય એમ આવે ને? એ..ઈ...! ભાઈ! ભાવ આવે ખરો. ભક્તિ, પૂજા, દયા, દાનનો શુભભાવ (આવે ખરો), પણ એ શુભભાવ કંઈ આત્માનો સ્વભાવ નથી. અહીં તો સ્વભાવના પ્રેમની વાત ચાલે છે. માટે સ્વભાવથી વિરુદ્ધ ભાવનો પ્રેમરુચિ મિથ્યાત્વભાવ છે. એ રાગ ભક્તિ (પોતે) મિથ્યાત્વભાવ નથી, પણ રાગમાં ધર્મઆત્માનું નિશ્ચયથી કલ્યાણ થશે, એવી માન્યતાને ભગવાન મિથ્યાત્વ કહે છે. આહાહા..! એ.. ભાઈ! તમારે તો ક્યાં મૂર્તિપૂજા હતી? બરાબર છે, પણ આ મૂર્તિપૂજાવાળાને વાંધા ઊઠે એવું છે. તમારે ભગવાનની માળા ગણે, લ્યોને! ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં... ઈનું ઈ છે. માળા ગણે તોપણ શુભરાગ છે. એ રાગ છે તે આત્માના સ્વભાવની હિંસા છે. એ.. અર..ર..ર...! હેં?

એ રાગ છે એ આત્મસ્વભાવનો પ્રેમ કરાવીને છોડાવવું છે. આહાહા..! અહીં તો આત્મપ્રેમની વાત ચાલે છે. એની સામે શરીરને નરક જેવું ઠરાવ્યું, જુઓને! આહાહા..! નવ દ્વાર ઝરે છે. એના પરિણામમાં પણ વિકાર છે. મારો પ્રભુ આત્મા છે એમાં આ ક્યાં છે? સમજાણું કાંઈ? અને આ શરીરની ક્રિયા આપણે (કરીએ)... શરીર ધર્મ સાધનમ્. 'શરીર આદ્ય ખલુ ધર્મ સાધનમ્' અહીં તો કહે છે, નરકનું દ્વાર, સ્થાન છે. ક્યાંથી સાધન થાય? શરીર સારું હોય તો ધર્મસાધન થાય. ધૂળમાંય નહિ થાય. શરીરથી ધર્મ થાય એવું તને કોણે કીધું? સમજાણું? અંદરમાં દયા, દાન, વ્રતનો, ભક્તિ, પૂજાનો શુભભાવ થાય એનાથી ધર્મ નથી તો વળી શરીરથી ધર્મ ક્યાંથી લાવ્યો? તને આત્માના સ્વભાવનો પ્રેમ નથી. ભગવાનઆત્મા વીતરાગકંદ છે તેની તને શ્રદ્ધા નથી, એમ અહીંયાં કહે છે. જુઓ!

મુમુક્ષુ : કહેવામાં કાંઈ બાકી રાખી નથી.

ઉત્તર : બાકી નથી રાખી?

'**હે મૂર્ખ!**' છેલ્લું છે. '**આ તારું શરીરરૂપી**

**ઘર દુષ્ટ કર્મશત્રુઓએ બનાવેલું...**' છે. એ કેદખાનું છે. એમાં છેલ્લું છે. '**હે મૂર્ખ! આ તારું શરીરરૂપ ઘર દુષ્ટ કર્મશત્રુઓએ બનાવેલું એક કેદખાનું છે, 'ઇન્દ્રિયોના મોટા પાંજરાથી બનાવેલું છે.' ઇન્દ્રિયોના મોટા પીંજરામાં ખોસી ઘાલ્યો છે. 'નસોની જાળથી વીંટળાયેલું છે,...**' નસની જાળ આ. નસ છે ને, નસુ? '**લોહી અને માંસથી લેપાયેલું છે,...**' લોહી અને માંસથી આ શરીર આખું બધું અંદર લેપાયેલું છે. '**ચામડાથી ઢાંકેલું ગુપ્ત છે,...**' આ ચામડાથી ઢાંકેલું છે. '**આયુષ્ય કર્મની બેડીથી બંધાયેલ છે.**' આયુકર્મ છે ત્યાં સુધી શરીર ખસે નહિ. '**આવા શરીરને કેદખાનું જાણ. નકામો પ્રેમ કરીને પરાધીનતાના કષ્ટ ન ઉઠાવ એમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કર.**'

આવું શરીર ધૂળમાટી. ભગવાન અંદર ચૈતન્ય આનંદકંદ છે, એના પ્રેમ છોડીને તને આ પ્રેમ થાય છે, એ છોડી દે! આત્માનું કલ્યાણ કરવું હોય તો દેહ ગમે તે પર્યાયે વર્તતું હોય એ જડ છે. ગમે એ રીતે વર્તતું હોય, નિરોગતા, રોગતા, સરોગ, વાણી નીકળતી હોય એ બધી પરચીજ છે. ભગવાનઆત્મા નિર્વિકલ્પ ચૈતન્યતત્ત્વ, એનો પ્રેમ કરીને આ શરીરમાં ઊપજવું છોડી દે! સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ : અમારી જેલ બહુ સારી છે, અમારી જેલ બહુ મજબૂત છે, એમ કોઈ કહેતું નથી.

ઉત્તર : સારી કહે છે. મારું શરીર બહુ સારું છે, એમ નથી કહેતા? શરીર અમારું મજબૂત છે, અમને તો કોઈ દિ' રોગ થયો નથી, સાંઈઠ વર્ષ થયા પણ સૂંઠ ચોપડી નથી. ઘણા મૂર્ખ બોલે છે. બધું સાંભળ્યું છે કે નહિ? સાંઈઠ સાંઈઠ વર્ષ થયા તોપણ કોઈ દિ' સૂંઠ ચોપડી નથી. પણ શેના ગર્વ કરો છો તમે? આ સડશે તે દિ' એમાં ઈયળ પડશે. ઈ ક્યાં આત્મા છે તો સડે નહિ. સમજાણું કાંઈ? સાંઈઠ વર્ષ સુધી કોઈ દિ' રોગ આવ્યો નથી, તાવ આવ્યો નથી. હવે આવે એ જુદી વાત છે, એમ ઘણા કહે. ઘણા ડોસા એવા સાંભળ્યા હોય. હેં? તમારા બાપને કેમ હશે? હેં? એને એવું હતું. એવા ઘણા હોય છે. અમે ઘણા માણસને જોયેલા (છે). સાંઈઠ વર્ષ થયા કોઈ દિ' સૂંઠ ચોપડી નથી. તે શું છે પણ હવે? એવું અમારું શરીર સારું. ધૂળેય નથી. સડેલાં છે બધા ચામડા. આવા વખાણ એના કરે પણ તને આત્માના વખાણ ગોઠતા નથી.

આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ અંદર પ્રભુ બિરાજે છે. અનાદિઅનંત સનાતન સત્ય પ્રભુઆત્મા છે, એના પ્રેમ આગળ આનો પ્રેમ રહે નહિ. આટલા પ્રેમ શું? એ માટે તો એને નરકની ઉપમા આપી છે. હેં?

## આગામી પ્રકાશન

પંડિત શ્રી દીપચંદજી કાસલીવાલ દ્વારા રચિત આધ્યાત્મિક ગ્રંથ 'આત્માવલોકન' તથા 'ચિદ્‌વિલાસ' પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા થયેલ ભાવવાહી અર્થગંભીર પ્રવચનોના પુસ્તકો ઈ.સ. ૨૦૧૮માં પ્રકાશિત કરવાની ભાવના છે. આમાં આત્માવલોકન ગ્રંથ પર થયેલા પ્રવચનોના પાંચ ભાગ થવાની ધારણા છે તથા ચિદ્‌વિલાસ ગ્રંથ પર થયેલા પ્રવચનોના બે ભાગ થવાની સંભાવના છે.



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા**
**પરમાગમસાર ગ્રંથના**
**બોલ-૯૬૧ ઉપર થયેલ ભાવવાહી**
**પ્રવચન, તા. ૨૯-૦૬-૧૯૮૫,**
**પ્રવચન નં. ૫૭૪**
**(વિષય : વિધિ)**

**અજ્ઞાની સ્વભાવનું સાધન કરતો નથી, પણ રાગનું સાધન કરે છે તેથી તેનો ભ્રમ દૂર થતો નથી. જે સ્વભાવના આશ્રયે નિર્ણય કરે તેને ભવી-અભવીની શંકા રહેતી નથી. સાચો ઉપદેશ સાંભળીને જે નિર્ણય કરે તેની ભ્રમણા દૂર થાય. સ્વભાવ સન્મુખ નિર્ણય કરતાં વર્તમાન પરિણામની વિશુદ્ધતા થાય છે. ૯૬૧.**

'**અજ્ઞાની સ્વભાવનું સાધન કરતો નથી, પણ રાગનું સાધન કરે છે તેથી તેનો ભ્રમ દૂર થતો નથી.**' શું કહેવું છે? કે જેને પોતાનું કલ્યાણ કરવું છે એ કયા સાધન દ્વારા પોતાનું કલ્યાણ કરે છે એ વિચારવા યોગ્ય છે. પરપદાર્થની ક્રિયા એ જડની ક્રિયા હોવાથી એ તો ખરેખર કોઈ સાધન નથી. પણ રાગનું સાધન એ પણ આત્માના હિતનું કલ્યાણનું સાધન નથી. રાગ પોતે અકલ્યાણ સ્વરૂપ હોવાથી તેના દ્વારા તે સાધન દ્વારા આત્માનું કલ્યાણ થાય એવું બનતું નથી.

ધર્મના ક્ષેત્રમાં અનેક પ્રકારે શુભરાગનું સાધન કરીને શુભરાગને સાધન માનીને જે કાંઈ કરવામાં આવે છે તેનાથી તેનો ભ્રમ એટલે અજ્ઞાન દૂર થતું નથી અને કલ્યાણ કદી થતું નથી. કોઈ એમ કહે કે અમે પૂજા, ભક્તિ અને બાહ્ય તપશ્ચરણની ક્રિયામાં નથી પડતાં. પણ અંદરમાં એકાંતમાં બેસીને આત્માનું ધ્યાન કરીએ છીએ. સ્વરૂપનું ચિંતવન કરીએ છીએ અને આત્માનું ધ્યાન કરીએ છીએ. ત્યાં પણ એને એમ પૂછે છે કે કયા સાધન દ્વારા તું એ કાર્ય કરે છો? ચિંતવનનો રાગ, ચિંતવનમાં ચાલતો વિકલ્પ, ધ્યાન કરવાનો વિકલ્પ અને એ ધ્યાનસ્થ દેહની અવસ્થામાં ઉત્પન્ન થતાં મનના તરંગો એવા રાગને તો તેં સાધન માન્યું નથી ને? શું ચેતવણી છે? કે કોઈને કોઈ પ્રકારે રાગનું જીવ જો સાધન કરે છે, કોઈ પણ પ્રકારે જો જીવ રાગનું સાધન કરે છે તો તેનાથી તેનો ભ્રમ એટલે અજ્ઞાન દૂર થતું નથી. અથવા અનાદિથી એણે જે રાગને પકડ્યો છે તે હજી એમ જ પકડ્યો છે. ધ્યાનના બહાને, ચિંતવનના બહાને પણ હજી રાગ જ જ્યાં સુધી પકડાયેલો છે, રાગને જ સાધન માનેલું છે, રાગ થાય છે ને એને સાધન માની લેવામાં આવે છે એ જીવ હજી ભ્રમણામાં પડ્યો છે. ભ્રમણામાં પડેલો છે એટલે એને ખરેખર સ્વરૂપના કલ્યાણનું સાધન હાથમાં આવ્યું નથી, એનો પત્તો એને લાગ્યો નથી. એમ કહેવા માગે છે અહીંયાં.

શું છે કે સ્વભાવ છે એમાં જેમ જ્ઞાન વગેરે અનેક ગુણ છે એમ આ સાધન પણ ગુણ છે. શાસ્ત્ર ભાષામાં તેને કરણગુણ કહ્યો છે. આત્મામાં કર્તાગુણ છે, કર્મગુણ છે, કરણગુણ છે. કર્મ એટલે આ પુદ્‌ગલકર્મ નહિ. દ્રવ્યકર્મ

નહિ, ભાવકર્મ નહિ. કર્મ એટલે કાર્ય. કર્તાનું ઇષ્ટ તે કર્મ. કર્તાને જે હિતરૂપ છે, કલ્યાણરૂપ છે, ઇષ્ટરૂપ છે તે કર્મ.

આમ તો આત્મા જે સ્વરૂપે છે એ સ્વરૂપે શ્રદ્ધા સ્વીકારે એને અને એ સ્વરૂપે જ્ઞાન એને અનુભવે, વેદે એટલે જેવું સ્વરૂપ છે એવી જ અવસ્થા કર્તવ્ય છે એમ એમાં આપોઆપ વગર કહ્યે આવી જાય છે. એવા આત્મામાં અનંત સામર્થ્ય છે એમાં કર્તા કર્મગુણ છે, એમાં કરણ નામનો પણ ગુણ છે. એ સાધનને અહીંયાં કરણ કહ્યું છે. તેથી આત્માના પોતાના સ્વભાવભૂત વસ્તુભૂત કાર્ય માટે આત્માને કોઈ બીજા સાધનની જરૂર નથી. સાધનાંતરની જરૂર નથી. રાગ સાધન થાય, વ્યવહાર રત્નત્રયનો રાગ સાધન થાય એવા અન્ય સાધનાનાંતરની જરૂર નથી. મોક્ષમાર્ગ એનાથી પણ નિરપેક્ષ છે. કેમ કે આત્મામાં પોતામાં સાધન નામની શક્તિ, કરણ નામની શક્તિ બેહદ સામર્થ્યવાળી છે. એથી એને બીજું કોઈ સાધન મળે, રાગનું સાધન મળે કે બહારમાં બીજું કોઈ પણ સાધન મળે તો એ સાધનથી એનું કાર્ય થાય અને નહિતર એનું કાર્ય ન થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી.

એવું સ્વભાવનું સાધન છે તેને અજ્ઞાની જાણતો નથી તેથી તેની તેને સંભાળ કરવાનો પણ પ્રશ્ન રહેતો નથી. પોતાના સાધન સ્વભાવને સંભાળે, કરણ સ્વભાવને સંભાળે એ પણ વાત એને રહેતી નથી. તેથી અનાદિથી એને જે રાગ થતો આવ્યો છે એ રાગનું સાધન કરે છે કોઈને કોઈ પ્રકારે અને તે રાગનું સાધન કરતાં કરતાં મારું કલ્યાણ થઈ જશે એવો તેનો ભ્રમ દૂર થતો નથી. એવો ભ્રમ એનો ચાલુ ને ચાલુ રહે છે. કાલે શરૂ કર્યું હતું.

**'જે સ્વભાવના આશ્રયે નિર્ણય કરે તેને ભવી-અભવીની શંકા રહેતી નથી.'** શું કહે છે? જેને ભવરહિત અથવા ભવ્યત્વ અને અભવ્યત્વથી પણ પાર, એનાથી પણ પર એવો જે આત્મસ્વભાવ, એ સ્વભાવનો સ્વભાવના આધારે નિર્ણય થયો તેને એવી શંકા ન રહે કે કદાચ હું ભવી હઈશ કે અભવી હઈશ મને કાંઈ એનો ખ્યાલ આવતો નથી કે હું કેવો હોઈશ? એવી શંકા એને રહેતી નથી. આમ તો ભવ્યત્વ અને અભવ્યત્વ આગમમાં કેવળજ્ઞાનના વિષયરૂપે નિરૂપિત થયેલો છે. કોઈ છદ્મસ્થને ભવ્ય-અભવ્યપણાની યોગ્યતાનું સીધું જ્ઞાન થતું નથી. પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી. છતાં પણ શ્રુતજ્ઞાનમાં પરોક્ષ જ્ઞાનમાં આવે છે. એ તો જે કેવળજ્ઞાનનો પ્રત્યક્ષ વિષય છે એ સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાનનો પરોક્ષ વિષય છે. તો પોતાના સંબંધમાં તો એને જણાઈ જાય છે. સમ્યગ્જ્ઞાનીને તો કોઈવાર બીજાના સંબંધમાં પણ જણાઈ જાય છે કે આ કોઈ અભવી જીવ લાગે છે અથવા આ કોઈ રૂડો ભવી જીવ છે, આસન્નભવ્ય જીવ છે. એવું પણ જણાઈ જાય છે. પોતાનું તો પોતાને ન જણાય એ પ્રશ્ન રહેતો નથી.

ગુરુદેવે આ પરીક્ષાનો વિષય લીધો હતો એક વખત. દર્શનવિજય, જ્ઞાનવિજય, ચારિત્રવિજય નામના ત્રણ સાધુ પાલિતાણાને રસ્તે સોનગઢ છે એટલે આવી ચડેલા. ૧૦-૧૧ વાગ્યા આસપાસનો સમય હશે. સમયસારની જે ચાંદીના પતરામાં સ્થાપના કરેલી છે એ જોતા હતા. ગુરુદેવની રૂમ તો બાજુમાં, જોયું કે કોઈ આવ્યા છે. થોડી વાતચીત થઈ. એમાં એક પ્રશ્ન ઉઠ્યો. શું નામ? તો કહે, દર્શનવિજય, જ્ઞાનવિજય અને ચારિત્રવિજય. દર્શન-જ્ઞાન-ચારિત્ર છે ને. ભવી-અભવીની ખબર છે? તમે ભવી છો કે અભવી છો એની ખબર છે? આ એક ટેસ્ટ કર્યો. તો કહે, એ તો કેવળજ્ઞાનીનો વિષય છે, કેવળી જાણે. પછી કાંઈ ચર્ચા ન કરી.

અહીંયાં એમ કહે છે કે જેને સ્વભાવનો નિર્ણય થાય, સ્વભાવના આશ્રયે સ્વભાવના આધારે સ્વભાવનો નિર્ણય થાય તેને ભવી-અભવી કેવળીએ જાણ્યું હશે કોને ખબર છે? એવી શંકા એને રહેતી નથી. એને અંદરથી નિઃશંકપણે ખાત્રી થાય છે કે હું ચોક્કસપણે ભવિ જ છું અને ચોક્કસપણે હું અભવી નથી. એવી એને ખાત્રી થઈ જાય છે.

મુમુક્ષુ :- સ્વભાવના આશ્રયે..

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવના આશ્રયે પ્રથમ નિર્ણય થાય. આશ્રય થાય એનો તો પ્રશ્ન જ નથી કે એને ભવ્યત્વ પાકી ગયું. એને તો સમ્યગ્દર્શન થયું અને

ભવ્યત્વનો પરિપાક પણ એને આવી ગયો. પણ જે નિર્ણય કરે કે મારો સ્વભાવ આવો છે. સ્વભાવના આધારે નિર્ણય કરે એને પણ અભવી હોવાની શંકા રહે નહિ. અભવી છું એવો તો વિકલ્પ રહે નહિ પણ એની શંકા એને રહે નહિ. આમ છે.

મુમુક્ષુ :- બીજા જીવનો ખ્યાલ આવે?

પૂજ્ય ભાઈશ્રી :- બીજા જીવનો તો સમ્યગ્જ્ઞાન થયા પછી ખ્યાલ આવે. કોઈને આવે, બધાને આવે એવું નથી. એ જાતની નિર્મળતા હોય તો આવે. એવું લક્ષ હોય, એવી નિર્મળતા હોય, બીજા પ્રત્યે લક્ષ જાય- એ દૃષ્ટિકોણથી લક્ષ જાય અને એટલી નિર્મળતા હોય તો કોઈને ખ્યાલ આવે. એમ છે.

પણ અહીંયાં તો પોતાના વિષયની વાત છે. '**જે સ્વભાવના આશ્રયે નિર્ણય...**' કરતા મોક્ષનો ભણકાર આવે. અસ્તિથી લઈએ તો એને મોક્ષનો ભણકાર આવે અને નાસ્તિથી લઈએ તો એને અભવિપણાની શંકા પણ રહે નહિ. આ બધા ચિહ્ન છે એના. સ્વરૂપનો આશ્રય ભવિષ્યમાં કરીને યથાર્થ મુમુક્ષાતામાં આવ્યો છે. હજી તો મુમુક્ષુની વાત છે. એના આ બધા લક્ષણ છે. આવા આવા એના લક્ષણ છે કે એને ભવી-અભવીની શંકા ન રહે, એને પોતાના મોક્ષનો ભણકાર અંદરથી આવી જાય કે હું નક્કી મોક્ષ પ્રાપ્ત કરવાનો છું. મારો મોક્ષ થવાનો છે એમાં એને શંકા રહેતી નથી.

'**સાચો ઉપદેશ સાંભળીને જે નિર્ણય કરે તેની ભ્રમણા દૂર થાય.**' જે સત્ય ઉપદેશ છે, આત્માના અસ્તિત્વથી-અસ્તિથી એ અસ્તિત્વમાં રહેલા જે અનંત ગુણો છે એનો જે સમ્યક્ ઉપદેશ છે એટલે એના લક્ષે, એના આશ્રયે જે એનું નિરૂપણ છે એ નિરૂપણ સાંભળીને જે સ્વભાવનો આશ્રય, સ્વભાવના આશ્રયે નિર્ણય કરે એટલે સ્વભાવનો આધાર લઈને નિર્ણય કરે, જ્ઞાન પર્યાયમાં જ્ઞાન સ્વભાવ વ્યક્ત છે, જે અંશમાં સ્વભાવ વ્યક્ત છે તેના સ્વભાવના આધારે એનો નિર્ણય કરે. એટલે તો જ્ઞાનલક્ષણ લીધું છે. બીજું લક્ષણ નથી લીધું પણ જ્ઞાનલક્ષણ લીધું છે એનું એ કારણ છે.

એનો જે નિર્ણય કરે તેની ભ્રમણા દૂર થાય. તેને પોતાના સંબંધી કલ્પના ન રહે અથવા ભવી-અભવીની આશંકા એને ન રહે. એ પણ માણસને હૂંફ આવે છે ને. સંયોગની હૂંફ આવે છે. મારી પાસે પૈસા છે, મારે કોઈની સાડી બાર નથી. નથી કહેતા કે મારે ક્યાં કોઈના ઘરે ભાણું માંડવા જાવું છે? ગુજરાતીમાં. એને ત્યાં કાંઈ જમવા માટે કહેવું નથી કે મને તમે ખવડાવજો, જમાડજો. એમ. અથવા અમારી પાસે એટલા સગા-સંબંધીઓ, સ્નેહીઓ, ઠેકેદારોનું જૂથ છે, કુટુંબ-પરિવારનું એવું મોટું જૂથ છે કે અમને કાંઈ કોઈ પણ પ્રસંગમાં તકલીફ પડે એવું નથી. ઠીક! આવી હુંફ લે છે કે નહિ માણસ? કહે છે કે એ બધી હૂંફ તો સમજવા જેવી છે. એક સેકન્ડમાં બધું ફરી જાય છે. ફરી જાય છે કે નહિ?

આ એક એવો પોતાનો બેહદ સામર્થ્યવાળો સ્વભાવ છે કે જેમાં અનંત ગુણની વસ્તી છે. પરિવાર કહે છે ને? અનંત ગુણનો પરિવાર છે. આત્માને અંદરમાં અનંત ગુણનો પરિવાર છે. અનંત ગુણની વસ્તીવાળા રાજ્યનો પોતે રાજા છે. એની અનંતી સત્તા, એના સામર્થ્યની અનંતી સત્તા એનામાં છે. આ બધું એનામાં છે. અનંત ગુણની લક્ષ્મી-પૈસા એનામાં છે. ખરેખર તો શ્રીને લક્ષ્મી કહી છે, શ્રીને સરસ્વતી કહી છે. એ બધા શ્રીના જુદા જુદા નામ છે. અને શ્રી એટલે જ્ઞાન. લક્ષ્મી પણ એ જ્ઞાન ઉપરથી, લક્ષ ઉપરથી લક્ષણ ઉપરથી લક્ષ્મી એમ થાય છે. તો એ એનો જ્ઞાનધન છે ખરેખર તો. આત્માનું જ્ઞાન આદિ અનંત ગુણોનું ધન છે એ એનો વૈભવ છે. એની જેને હૂંફ છે એ હૂંફ એની જગતના કોઈ ચલિત-વિચલિત પદાર્થોની હૂંફ જેવી હૂંફ નથી. અચલિત પદાર્થ છે. ત્રિકાળ એવો ને એવો એકરૂપ રહેતો અચલિત પદાર્થ છે એના આશ્રયે એની હૂંફ છે.

સાચો ઉપદેશ સાંભળવો એ નિમિત્ત છે. નિર્ણય કરવો એ પોતાના ઉપાદાનનું કાર્ય છે. એ રીતે નિમિત્ત-ઉપાદાનની સંધિપૂર્વક જેનું નિર્ણયનું કાર્ય છે એને ભ્રમણા દૂર થઈ જાય છે. અનાદિનું અજ્ઞાન દૂર થઈ જાય છે. મને સંયોગથી લાભ થશે, પુણ્યથી લાભ થશે, પુણ્યના ફળથી સુખ થશે એ બધી ભ્રમણા એની દૂર થઈ જાય છે. અજ્ઞાન ભરેલી અસંખ્ય પ્રકારની ભ્રમણા છે એ બધી

દૂર થઈ જાય છે. એક સ્વરૂપની સમીપ આવે તો એને સર્વ સમાધાન થાય છે. અસમાધાન ક્યાંય રહેતું નથી.

એવા '**સ્વભાવ સન્મુખ નિર્ણય કરતા...**' સ્વભાવની સન્મુખ થઈને નિર્ણય કરતાં, સ્વભાવને લક્ષમાં લઈને નિર્ણય કરતાં જેવો સ્વભાવ છે એવો જ્ઞાનમાં પ્રતિભાસતા જે સ્વભાવનો નિર્ણય થાય એ કરતાં '**વર્તમાન પરિણામની વિશુદ્ધતા થાય છે.**' ત્યાંથી પરિણામ સન્મુખ થતા હોવાથી પરિણામની વિશુદ્ધિ ત્યાંથી ચાલુ થઈ જાય છે. એવી વિશુદ્ધિ છે. આમ સમ્યગ્દર્શન થાય અને વિશુદ્ધિ થાય એ તો પ્રશ્ન જ નથી. પણ સમ્યક્ સન્મુખ જીવ પણ અનુભવની સમીપ જતો હોવાથી, પ્રતિસમય એ આત્માના સ્વભાવની નજીક જતો હોવાથી એનો આશ્રય લેવા માટે એનો પુરુષાર્થ ઉપડેલો હોવાથી એના પરિણામમાં પ્રતિસમય વિશુદ્ધતા થતી જાય છે. એ વિશુદ્ધતા શુદ્ધતામાં પરિણમી જાય છે.

મુમુક્ષુ :- સ્વભાવના આશ્રયે અને સ્વભાવ સન્મુખ એમાં શું ફેર છે?

પૂજ્ય ભાઈશ્રી :- એક જ છે. એક જ વાત છે. સ્વભાવના આશ્રયે નિર્ણય કરે કે સ્વભાવની સન્મુખ થઈને નિર્ણય કરે. આશ્રયમાં શું છે કે નિર્ણયનો આધાર કોઈ નિમિત્ત નથી, નિર્ણયનો આધાર કોઈ ઉપદેશ નથી, નિર્ણયનો આધાર કોઈ કષાયની મંદતા નથી, નિર્ણયનો આધાર કોઈ બહારની ક્રિયા નથી. શુભયોગની ક્રિયા નથી. કોઈ નિર્ણયનો આધાર નથી.

આમ તો પ્રવચનસારની ૮૦ ગાથામાં અરિહંતની વાત લીધી છે નિર્ણયમાં. કે જે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તે પોતાના આત્માને જાણે અને એનો મોહ ક્ષય થાય. આવી ગાથા છે. એમાં પહેલા નિર્ણય કરે. અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયથી પોતાના આત્માનો નિર્ણય કરે, ત્યાં મેળવણી માટે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય છે. પણ એની સન્મુખ રહીને નિર્ણય કરે, અરિહંતની સન્મુખ રહીને નિર્ણય કરે કે અરિહંતનો આધાર લઈને નિર્ણય કરે એમ નથી. એ વિચારમાં લેવા માટે, સરખામણી કરવા માટે અરિહંતનું નિમિત્ત લીધું. પણ જે નિર્ણયમાં આવે છે એવું જે નિજ તત્ત્વ, નિજ સ્વભાવ એ તેરમા ગુણસ્થાનવાળું તત્ત્વ નથી. અરિહંતપદ તેરમા ગુણસ્થાનવાળું છે કે નહિ? તો એ તેરમા ગુણસ્થાનવાળું તત્ત્વ નથી. એ તેરમા ગુણસ્થાનવાળું નથી અને ચૌદમા ગુણસ્થાનવાળું પણ નથી. ઠીક! ચૌદ ગુણસ્થાનથી પાર છે. જે સ્વભાવ નિશ્ચિત થાય છે કે 'હું આવો' એમ નિશ્ચિત થાય છે. પોતાનું સ્વરૂપ નિશ્ચિત થાય છે. આત્મા આવો એમ નહિ. 'હું આવો' એવો જે નિશ્ચય થયો એ પદ તો, નિજપદ તો ચૌદ ગુણસ્થાનથી પાર છે. એવું એને નિર્ણયમાં ભાસે છે કે મારું પદ ચૌદ ગુણસ્થાનથી પાર છે. ઉપર છે. ચૌદ ગુણસ્થાન એનાથી હેઠ છે અને મારું પદ એનાથી ઉપર છે. આવો પોતાના સ્વરૂપનો નિશ્ચય થાય છે. એવા નિશ્ચયવાળાને સ્વરૂપનો આધાર, સ્વભાવનો આધાર કહ્યો છે. અથવા એને દિશા ફરી જ્ઞાનની અને સન્મુખ થઈને એણે નિર્ણય કર્યો છે. એણે વિમુખ રહીને નિર્ણય કર્યો નથી. રાગમાં રાગની અધિકતામાં છે એણે વિમુખ રહીને નિર્ણય કર્યો છે. અને જ્ઞાન લક્ષણથી લક્ષિત કરેલો જ્ઞાનની અધિકતાથી થયેલો નિર્ણય એ જ્ઞાનસન્મુખ, આત્મસન્મુખ થઈને નિર્ણય કર્યો છે. સ્વભાવ સન્મુખ થઈને એ નિર્ણય કર્યો છે. એને પરિણામની વિશુદ્ધતા થાય છે. નહિતર તો શાસ્ત્ર ભણે એને બધાને આત્માનો રાગ સહિત નિર્ણય નથી? રાગની અધિકતાવાળો નિર્ણય નથી થતો કે આત્મા આવો છે દ્રવ્ય-ગુણ-પર્યાયથી? એ કાંઈ ભણવામાં નથી આવતું? ભણવામાં શું આવે છે? બીજાને સમજાવી દે એટલો ક્ષયોપશમ હોય છે. પણ આધાર શેનો છે? અને કોની સન્મુખ થઈને એ નિર્ણય કર્યો છે એના ઉપર બધો આધાર છે.

વ્યવહારમાં પણ વિનય-ડિસિપ્લીનનો પ્રકાર એવો છે. રાષ્ટ્રપતિ હોય, વડાપ્રધાન હોય તો એને સલામ કરનારો બીજી કોર જઈને સલામ કરતો હશે? બીજી બાજુ લળીને-નમીને સલામ કરતો હશે? કે એને લળીને, એની સન્મુખ રહીને સલામ કરે? અથવા એને મળવા આવે, વાત કરવા આવે એ મોઢું ફેરવીને વાત કરતો હશે? બેસવા દે એને ત્યાં? ચાલતા થઈ જાવ ભાઈ તમે. વાત કરવાની પદ્ધતિ પહેલા સમજીને અને શીખીને

આવજો. પછી તમારી વાત શું છે એ સાંભળવાનો વિચાર કરીશું. આવે વાત કરવા, મોઢું ક્યાંક ઊંધું રાખીને બેસે, ખુરશી ઊંધી કરીને બેસી જાય.

એમ અહીંયાં સ્વરૂપનો અને સ્વભાવનો નિર્ણય કરવો છે તો સ્વભાવની સન્મુખ રહીને થાય? કે રાગમાં રાગની અધિકતામાં સ્વભાવની વિમુખ રહીને થાય? સ્વભાવની સન્મુખ રહીને નિર્ણય થાય. તેથી '**પરિણામની વિશુદ્ધતા થાય છે.**' આ એક બોલમાં નિર્ણયની વાત છે એની સાથે સાથે નિમિત્તપણે ઉપદેશની વાત છે અને એક ત્રીજી ઊંડી વાત લીધી છે જે ચિહ્ન ઊભું થાય છે, લક્ષણ ઊભું થાય છે કે એ જીવને ભવી-અભવીની શંકા રહેતી નથી. જેને ઊંડે ઊંડે પણ ભવી-અભવીની શંકા રહે એને હજી આત્માના નિર્ણયનું ઠેકાણું નથી. એમ છે.

મુમુક્ષુ :- સ્વભાવ સન્મુખ..

પૂજ્ય ભાઈશ્રી :- કેવો એટલે?

મુમુક્ષુ :- સન્મુખ નિર્ણય એટલે અનુભવનો કે?

પૂજ્ય ભાઈશ્રી :- ના. અનુભવ પહેલાની વાત છે. નિર્ણય કરે છે હજી તો. નિર્ણય બે રીતે કહેવાય છે. એક તો પોતાના સ્વરૂપનો અનુભવ થાય ત્યારે જે નિર્ણય થયો એ તો અભેદ નિર્ણય, સાચો નિર્ણય, સમ્યક્ નિર્ણય થઈ ગયો. એને પણ એક નિર્ણયનું પદ અપાય છે. અને એવા અનુભવના કારણરૂપ ભાવભાસન છે, સ્વરૂપનિશ્ચય છે એને પણ નિર્ણય કહેવામાં આવે છે. એ નિર્ણય છે ત્યાંથી સ્વભાવ સન્મુખતા શરૂ થાય છે. જ્યાં સ્વભાવ સન્મુખતા શરૂ થાય છે ત્યાંથી એને મોક્ષનો ભણકાર આવવા લાગે છે. ત્યાંથી એને ભવી-અભવીની શંકા રહેતી નથી. અનુભવ થાય એને તો ભવ્યત્વ જ પાકી ગયું. એને તો શંકા રહેવાનો સવાલ જ નથી. એને તો ભવ્યત્વ પાકી ગયું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એવું બને. ત્યાં તો કોઈને રહે અને કોઈને ન રહે. જે કોઈ સાચો ઉપદેશ સાંભળે છે પણ હજી સ્વરૂપ સન્મુખ થઈને નિર્ણય નથી કરતો એની બુદ્ધિમાં એટલી વક્રતા નહિ હોવાથી એ સત્પુરુષના ઉપદેશનો એને હકાર આવે છે, સ્વીકાર આવે છે. વાત બરાબર કહે છે. આમ જ હોવા યોગ્ય છે. ન્યાયથી એને વિચાર આવે કે આમ ન્યાય સંપન્ન વાત છે આ. અનેક પ્રકારના તર્ક લડાવે તોપણ એને તર્કશુદ્ધ લાગે વાત. સત્પુરુષના ઉપદેશની. હોય છે પણ તર્કણાશુદ્ધ વાત છે આ. તત્ત્વનું નિરૂપણ પણ સર્વ પ્રકારની તર્કણાથી શુદ્ધ થયેલું છે. આગમથી પણ મેળવે તોપણ એને એમ લાગે કે આગમની સાથે પણ આ સત્પુરુષની વાણી સુસંગત છે. એમ એને અનેક પ્રકારે હકાર આવવાનો પ્રસંગ છે ખરો પણ સ્વરૂપ સન્મુખ થઈને સ્વીકાર થવો એ બીજી વાત છે. એમ છે. અનેક પ્રકારે તો સંમત કરે છે જીવ.

સત્પુરુષને સાંભળનારા અનેક જીવો હોય છે અને તે બધા જીવો એક જ પ્રકારે સંમત કરે છે એવું નથી. અનેક પ્રકારે સંમત કરે છે. એ સર્વ પ્રકારમાં આ પ્રકાર છે એ સ્વભાવની પ્રાપ્તિની નજીકનો પ્રકાર છે. અને તેથી તેને સ્વભાવની પ્રાપ્તિ થાય છે. બીજાને સ્વીકાર કર્યો હોય છતાં પણ ન પણ સ્વભાવ પ્રાપ્તિ થાય. ન પણ થાય. સ્વીકાર તો કર્યો છે. એ બધા પ્રકારમાં રાગની અધિકતા રહી છે. વિચારજ્ઞાનમાં હજી રાગની અધિકતા રહી છે ત્યાં સુધી રાગના આશ્રયે નિર્ણય ગણાય છે અને સ્વભાવના જ્ઞાનના આશ્રયે નિર્ણય ગણાતો નથી. આમ છે. એટલે રાગના આશ્રયે છે ત્યાં સુધી એ વિપક્ષમાં ઊભો છે. ઠીક! જ્યાં સુધી એણે પક્ષ પલટ્યો નથી અને વિપક્ષમાં ઊભો રહ્યો છે, સત્પુરુષને હા પાડે કે સાહેબ! આપ કહો છો એમ જ છે. અને વિપક્ષમાં ઊભો છે? હા, હજી વિપક્ષમાં ઊભો છે. ના પાડે એ તો ચોખ્ખો વિપક્ષમાં ઊભો છે પણ હા પાડે તો વિપક્ષમાં ઊભો છે. જ્યાં સુધી રાગની અધિકાઈ છે ત્યાં સુધી. એને રાગનો આધાર લીધો છે. નિર્ણયના કાળમાં વિચારના કાળમાં પણ હજી એણે રાગનો જ આધાર લીધો છે. આ પરિસ્થિતિ છે. એટલે એવો નિર્ણય છે એ નિર્ણય છે એ ભૂંસાઈ જાય છે, કાળે કરીને એની વિસ્મૃતિ થાય છે અથવા કાળે કરીને એમાં વિપર્યાસ પણ ઉત્પન્ન થાય છે. એવું થાય છે.

વિચારવા જેવો વિષય એ છે કે બુદ્ધિપૂર્વક સંમત કરે, બુદ્ધિપૂર્વક સ્વીકાર કરે તોપણ હજી આ વાત થોડી જુદી છે. નહિતર ત્યાં માણસ છેતરાય છે. જેમ કષાયની મંદતામાં જીવ ભૂલો પડે છે, રાગને સાધન માનીને, એ બોલ આવી ગયો. સ્વભાવને સાધન કરતો નથી, રાગનું સાધન કરે છે. ચિંતવન-મનનમાં પણ રાગનું સાધન કરે, ધ્યાનમાં પણ રાગનું સાધન કરે, એ ત્યાં ભૂલે છે એમ ક્ષયોપશમ જ્ઞાનમાં પણ ભૂલે છે. પરલક્ષી ક્ષયોપશમ જ્ઞાન ન્યાય, તર્ક, આગમની સાથે એના આધારે કરેલું જે ક્ષયોપશમ જ્ઞાન ન્યાય, તર્ક અને આગમ અનુમાન અને યુક્તિના આધારે કરેલું જે ક્ષયોપશમજ્ઞાન એ જ્ઞાનમાં પણ જીવને છેતરાવાનો પ્રસંગ છે ખરો.

એની ચોખવટ અહીંયાં કરવી છે ગુરુદેવને કે તું સ્વરૂપ સ્વભાવની સન્મુખ થઈને નિર્ણય કર. .. નિરૂપણ કર્યું છે ટોડરમલજીએ. સાતમા અધિકારમાં કર્યું છે. અહીંયાં તો આગળના અધિકારના .. છે. ત્યાં એવું લખ્યું છે એમણે કે સમ્યગ્દર્શનનું નિમિત્ત તો તત્ત્વજ્ઞાનનો ઉદ્યમ કરવો તે છે. સમ્યગ્દર્શનનું નિમિત્ત દાન કરવું એ નથી. સમ્યગ્દર્શનનું નિમિત્ત ઉપવાસ કરવો એ નથી. બીજી ક્રિયા નથી લીધી એમાં. સમ્યગ્દર્શનનું નિમિત્ત તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો, તત્ત્વજ્ઞાનનો ઉદ્યમ કરવો એ છે. તે તત્ત્વજ્ઞાનના ઉદ્યમ કરનારા જીવોમાં કોઈને સમ્યગ્દર્શન થાય, વા કોઈને ન થાય એમ લીધું છે. બેય પ્રકાર ભજે છે એટલે બેય પ્રકાર લીધા એમણે. એમ કરીને એ વાત છોડી દીધી છે એમણે. પછી ત્યાં એથી ઊંડી ચર્ચા નથી કરી એ વિષયની. એટલે હદ સુધી એ વાત કરીને આગળ ગયા છે.

ત્યાં વિચારવા યોગ્ય છે. જે તત્ત્વજ્ઞાનનો ઉદ્યમ કરે છે એવા જીવોએ ત્યાં ઊંડા ઉતરવા જેવું છે કે તત્ત્વજ્ઞાનનો ઉદ્યમ કરતાં સમ્યગ્દર્શન થાય અથવા ન થાય. તો આપણે કેવી રીતે નક્કી કરવું કે હવે મને થશે કે નહિ થાય? એવું મારે કેવી રીતે નક્કી કરવું? આ વાત એણે પોતે પોતાને માટે નક્કી કરી લેવી જોઈએ. થાય ને ન થાય એમાં ઝોલા ખાય. બેય બાજું ઝોલા ખાય. કોને ખબર થશે? કોને ખબર નહિ થાય? તો કહે થાય એવો એક પ્રકાર છે એમાં થાય, થાય ને થાય જ. ન થાય એવો પણ પ્રકાર છે કે જેમાં ન જ થાય તે ન જ થાય. બંનેનો ઉપછલ્લો દેખાવ, ઉપરનો બાહ્ય દેખાવ તત્ત્વજ્ઞાનના ઉદ્યમનો જ જોવામાં આવે છે. પણ અંદરમાં ફેર છે.

મુમુક્ષુ :- અંદરમાં જોર કેટલું છે એના ઉપર આધાર રાખે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કોના આધારે નિર્ણય કરે છે? માત્ર આગમનો આધાર લે છે? માત્ર ન્યાય-તર્કનો આધાર લે છે? યુક્તિનો આધાર લે છે? તો એથી એના આધારે એને કાંઈ નિર્ણય થશે નહિ. એટલે ત્યાં અરિહંતનું દષ્ટાંત લીધું છે તોપણ ત્યાં વાત જુદી છે. ત્યાં ફેરવી છે. વાતને ફેરવી છે કે એ દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે પછી પોતાના આત્માને એના ઉપરથી કળી લે છે. ત્યાં એણે આધાર બદલ્યો. સન્મુખતા ન રાખી. ત્યાં એણે અરિહંતની સન્મુખતા રાખી નહિ. પોતાની સન્મુખ થયો. ત્યારે એને ત્યાં નિર્ણય થયો. એમ વાત છે.

મુમુક્ષુ :- પ્રતિકૂળ સંયોગોનો અભાવ હોય તો...

પૂજ્ય ભાઈશ્રી :- પણ પ્રતિકૂળ સંયોગો કોને કહેવા?

મુમુક્ષુ :- પોતાનો પ્રશ્ન, કુટુંબનો પ્રશ્ન, બાળકોનો પ્રશ્ન, વ્યવહારમાં..

પૂજ્ય ભાઈશ્રી :- એવા બધા પ્રશ્નો કોઈને સોલ્વ થયા હોય એવો એક લાવો. એવો એક પણ લાવો કે જેને બધા પ્રશ્ન સોલ્વ થઈ ગયા હોય એવું છે કોઈ? કોઈને પૂરું પડતું નથી.

મુમુક્ષુ :- કરવું શું હવે?

પૂજ્ય ભાઈશ્રી :- આમાં શું છે કે જીવને ઇચ્છા બંધ થતી નથી. અને ઇચ્છિત વિષયનો અભાવ એ જ એને પ્રતિકૂળતા છે. તો ઇચ્છા કેમ બંધ પડતી નથી? કે અંદર જે આત્માનો આનંદ સ્વભાવ, એનો અનુભવ અને ભોગવટો નથી, નિજાનંદનો ભોગવટો નથી એને ઇચ્છાનો ભડકો શાંત થઈ શકે નહિ. આ એનો નિયમ છે.

ભાઈએ પ્રશ્ન પૂછ્યો હતો. એક માણસને માથુ એવું દુઃખે છે કે જેને લઈને એને ઊંઘ આવતી નથી.

અને એને ઊંઘ આવતી નથી એટલે એને માથુ પણ ઉતરતું નથી. ઊંઘ આવે તો માથુ ઉતરેને? હવે શું કરવું? પહેલા કહો. પહેલા એને ઊંઘ લાવવી કે પહેલા એને માથુ ઉતારવું? પણ એ તો બેય સાથે જ થવાનું છે. પણ બહાનું એમ કાઢે કે ભાઈ, શું કરીએ? એવું માથુ દુઃખે છે કે ઊંઘ આવતી નથી અને ઊંઘ આવતી નથી એટલે માથાનો દુઃખાવો મટતો નથી. હવે કરવું શું?

એમ અહીંયાં ઈચ્છા અને પ્રતિકૂળતાઓ મટતી નથી અને એટલે એને વિકલ્પ મટતો નથી એટલે એને સમાધિ થતી નથી. સમાધિ થતી નથી નિર્વિકલ્પ. માટે વિકલ્પ મટતો નથી. કરવું શું? બીજ પહેલાં કે વૃક્ષ પહેલાં જેવો પ્રશ્ન છે. શું પહેલા છે? બંને અનાદિ છે. વૃક્ષ પણ અનાદિ છે અને બીજ પણ અનાદિ છે. એ વગર એનો ઉકેલ નથી.

અહીંયાં એમ કહે છે કે ભાઈ! તું પહેલા સમજમાં એમ લાવ કે આ જગતમાં કોઈ બાહ્ય પરિસ્થિતિ, કોઈપણ પ્રકારની બાહ્ય પરિસ્થિતિ એ પ્રતિકૂળતા નથી. અને કોઈપણ પ્રકારની બાહ્ય પરિસ્થિતિ અનુકૂળતા પણ નથી. અનુકૂળતા અને પ્રતિકૂળતાની કલ્પના કરેલી છે. એક માણસને એક ચીજ ભાવે છે તે જ માણસને એ ચીજ પાછી નથી ભાવતી એવું થાય છે. માણસ કહે છે ને, અમને આ ચીજ બહુ ભાવતી હતી પણ એકવાર એટલું ખવાઈ ગયું.. એટલું ખવાઈ ગયું કે પછી એમાંથી જાડા ઊલટી થઈ ગયા અને એ ચીજ અબખે પડી ગઈ છે. એમ નથી કહેતા? અભાવો થઈ ગયો એના ઉપર. પછી એ ચીજ જોઈએ છીએ ત્યાં જે પહેલી અશાતા થઈ હતી જાડા ઊલટીની એનો સીધો જાણે ખ્યાલ આવે નહિ જાણે વેદન આવતું હોય એવું થવા લાગે. તો એ ચીજ સારી અનુકૂળ હતી કે પ્રતિકૂળ? કે એમાં અનુકૂળતાની કલ્પના કરી હતી કે જેમાં એણે પ્રતિકૂળતાની કલ્પના કરી. તમામ પ્રકારની અનકુળતા અને પ્રતિકૂળતા માત્ર કલ્પના સિવાય બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બધી તમામ કોઈ પણ એક પણ વાત. ગમે તે જીવને કલ્પના જ છે, બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- ખાવા સિવાયની?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. બધી. બધી આવી ગઈ. ખાવા સિવાયની બધી તમામ કલ્પના અનુકૂળતા અને પ્રતિકૂળતા બધી કલ્પના જ છે. બીજું કાંઈ નથી. આમ છે. પણ શરીરમાં રોગ થાય એ પ્રતિકૂળતા ખરી કે નહિ? નહિ. નિર્ધનતા થાય એ પ્રતિકૂળતા ખરી કે નહિ? પ્રશ્ન ઉઠાવીએ. નહિ, એ પ્રતિકૂળતા નહિ. સધનતા થાય એ અનુકૂળતા ખરી કે નહિ? નહિ. શરીરની તંદુરસ્તી બરાબર થઈ જાય એ અનુકૂળતા ખરી કે નહિ? નહિ. આમ છે. એ જીવની કલ્પનામાત્ર છે. બીજું કાંઈ નથી. આવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જે સંયોગો સુખ-દુઃખનું કારણ નથી તો જગત આખું સંયોગોની પાછળ જ સુખ-દુઃખ કલ્પે છે. આ તો સિદ્ધાંત જ તૂટી ગયો જગતનો. હવે પોતાની વાત લઈએ કે સમજાણું કે સંયોગ સુખ-દુઃખનું કારણ નથી. તો પોતાના ચાલતા ઉદયમાં એ જોવે કે કોઈને સુખના કારણ તરીકે ગણે છે, કોઈને દુઃખના કારણ તરીકે ગણે છે. જોઈ લ્યે, તપાસી લ્યે.

મુમુક્ષુ :- વિકલ્પોને ગમે ત્યારે રોકવા માગે તો રોકાતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ એટલે રોકાય છે કે સુખ-દુઃખ માન્યું છે. સુખ-દુઃખ માન્યું છે એટલે વિકલ્પ ચાલે છે. વિકલ્પની પરંપરા અને વિકલ્પની વણઝાર જે ઊભી થાય છે એ સુખ-દુઃખ માનવાને લીધે છે એમ છે.

જુઓ! દુકાને બે-ચાર-આઠ ગ્રાહક ઊભા થાય છે. એક સાથે આવી જાય. ખબર પડે કે આ તો ભાવ પૂછવા આવ્યો છે, ટાઈમ બગાડવા. લેવાનો નથી. તો વિકલ્પ રહે છે એનો? કે ઉભો છે કે ચાલ્યો ગયો? જીવને ખબર પડે કે મારે લાભ-નુક્સાન સાથે સંબંધ નથી એટલે ઉપેક્ષા કરી લે છે. ઉપેક્ષા કરવાનું એને શીખડાવવું પડતું નથી. સહજ ઉપેક્ષા કરે છે. કરે છે કે નહિ? બસ! એમ એને સંયોગનો વિકલ્પ મટતો નથી કેમ કે એણે લાભ-નુક્સાન માન્યું છે. આ સીધી વાત છે. જ્યાં સુધી માન્યું છે ત્યાં સુધી વિકલ્પ નહિ મટે,

નહિ મટે ને નહિ મટે. અનંત કાળથી નથી મટ્યો અને અનંત કાળ પર્યંત નહિ મટે. ભિન્નતાનો સિદ્ધાંત જ આખો એના ઉપર છે. વસ્તુ સ્વરૂપ છે અને વસ્તુ સ્વરૂપના નિરૂપણરૂપ એ ભિન્નતાનો સિદ્ધાંત છે કે તું એક પરિપૂર્ણ ચૈતન્યદ્રવ્ય છો. તારા સ્વરૂપથી અને તારા ગુણ આદિથી પરિપૂર્ણ ચૈતન્યદ્રવ્ય છો. નિરાલંબ નિરપેક્ષ છો અને તારે ખરેખર કોઈની સાથે આધાર-આધેય સંબંધ નથી કે લાભ-નુક્સાનનો કોઈ સંબંધ નથી. એ વાત એને શ્રદ્ધામાં, સ્વરૂપની શ્રદ્ધાનમાં આવે તો એનો વિકલ્પ, અનાદિની જે વિકલ્પની ધારા છે, રાગની ધારા છે એ સમ્યક્ પ્રકારે એકવાર ટૂટે. વિકલ્પ ચાલુ રહેશે પાછા. પણ એકવાર એ શ્રૃંખલા તૂટશે. સાંકળની એક કડી નબળી હોય. ગમે તેવી મજબૂત સાંકળથી બંધાયો હોય પણ એક કડી નબળી હોય તો ત્યાંથી બંધન છૂટી જાય છે. સાંકળ આખી પડી રહે. કડી તૂટી એટલે એનું બંધન તૂટ્યું.

એમ અહીંયાં પ્રથમ જ્યારે નિર્વિકલ્પ થાય સમ્યગ્દર્શનમાં ત્યારે એને અનાદિના રાગબંધનની શ્રૃંખલા તૂટે છે. પહેલીવહેલી તોડી એણે. પછી જે સાંકળ રહી એ નકામી પડી રહી. એને કામની અને એને બાંધનારી સાંકળ એ નથી. આટલો રાગ થયો ને સમ્યગ્દષ્ટિને. એટલો રાગ થયો તો ભલે થયો. એનાથી એને બંધ હવે નથી. અલ્પ બંધનને બંધન ગણ્યું નથી. કેમ કે નીરસ છે. એ રાગમાં પણ એ નીરસ છે. એટલે સ્થિતિ અનુભાગ એને એટલા પડતા નથી. કહો શું પ્રશ્ન હતો? પ્રશ્ન અધૂરો રહી ગયો છે કે પહેલા આમ થાય અને પછી આમ થાય. પ્રશ્ન શું છે હવે આમાં?

મુમુક્ષુ :- પ્રતિકૂળતા.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રતિકૂળતા-અનુકૂળતાનો શું પ્રશ્ન છે?

મુમુક્ષુ :- પ્રતિકૂળતાનો અભાવ થાય એટલે કે આપણે એમ માનતા હોઈએ કે આમ થઈ જાય તો શાંતિ થાય.. આમ થઈ જાય તો શાંતિ થાય. આજીવિકાનો પ્રશ્ન હોય તો એ પતી જાય તો શાંતિ થાય, ખાવનું પતી જાય તો શાંતિ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- પણ એવું થાય છે કે જેટલા ઈચ્છાની પૂર્તિવાળા સંયોગના પ્રકાર બને છે એ જ પરિસ્થિતિમાં બીજી ઈચ્છાઓ ઉત્પન્ન થઈ જાય છે. ભૂખ લાગી, આહાર મળ્યો, આહાર થયો. આહાર કર્યો કે થયો જે કહો એ. ત્યાં એને બીજી ઈચ્છા ઉત્પન્ન થઈ જાય છે. આજીવિકાનો પ્રશ્ન હતો એ આજીવિકાનો પ્રશ્ન જ્યાં પૂરો થાય ત્યાં નવી નવી ચીજોની જરૂરિયાતો, બીજા વૈભવની અપેક્ષાઓ અને ઈચ્છાઓ ઊભી થઈ જાય છે. એનો કોઈ છેડો નથી કાંઈ. જગતમાં કોઈએ એવું ક્યારેય ન કહ્યું કે હવે મારે કાંઈ ન જોઈએ. હજી આ જોઈએ ને તે જોઈએ એ ચાલુ જ છે. આ જોઈએ ને તે જોઈએ એ ચાલુ જ છે દરેકને. કોઈને ન જોઈએ એ વાત હજી રહી નથી. તો એ કોઈ પૂરું થવાનો પ્રશ્ન છે નહિ.

એને બીજી રીતે પૂરું કરવા જેવું છે કે અનુકૂળતા અને પ્રતિકૂળતા નામમાત્ર છે. કોઈપણ પરિસ્થિતિમાં હું આત્મા જ્ઞાનસ્વરૂપી જ્ઞાયકસ્વભાવી આત્મા છું. મારે માટે એ બધું પર છે તેથી તે બધો ઉપેક્ષાનો મારે માટે વિષય છે. અપેક્ષાનો વિષય એક મારું સ્વરૂપ છે. આ સિવાય બીજું કાંઈ મને અપેક્ષાનું સ્વરૂપ નથી. એમ એણે ત્યાંથી પાછા વળી જવું જોઈએ. એમાં ને એમાં આગળ વધે કે હવે આ ઈચ્છા પૂરી થાય, હવે આ ઈચ્છા પૂરી થાય, હવે આ ઈચ્છા પૂરી થાય તો એ ઈચ્છાનો વિષય તો જેમ જેમ પદાર્થનો સંયોગ થાય એમ અગ્નિમાં ઘી હોમાય અને ભડકો વધે એમ ઈચ્છાનો ભડકો વધે છે. અને પ્રાપ્ત સંયોગોનો પણ રસ વધે છે.

આજીવિકા પૂરી થવાને બદલે લાખો મળવા મંડ્યા. એવા પ્રસંગો બને છે માણસને કે પહેલા આજીવિકાની પણ તકલીફ હોય એને લાખો મળતા થાય તોપણ એનો મળ્યા એના ઉપરનો રસ પણ ઘણો અને મેળવવાનો રસ પણ ઘણો એમ જોવામાં આવે છે. તો ત્યાંથી તો એ કોઈ દિ' પાછો વળી શકશે નહિ. અને એ રસમાં ને એ રસમાં આયુષ્ય પૂરું થાય છે. જાય દુર્ગતિમાં. સંયોગની પાછળ દોડના જેના પરિણામ છે (એ) નિયમથી

દુર્ગતિમાં જાય છે.

ગુરુદેવ તો કહેતા, આ મોટા મોટા શેઠિયા ઉજળા કપડા પહેરીને ફરે છે પણ જાશે ઢેઢગરોળીની કૂંખે. એમ કહે. એક સેકન્ડમાં જ્યાં આયુષ્ય પૂરું થયું. ફૂ થઈ ગયું, આંખો ફાટી રહેશે અને એક સમયમાં ભાઈસાહેબ ઢેઢગરોળીની કૂંખે ચાલ્યો જશે. બહારમાં અહીં માન આપે, બધા સલામ કરે. મોટર પાસે જાય ત્યાં ડ્રાઈવર દરવાજો ખોલવા ઉભો રહે. ઓલાપણે જાય ઢેઢગરોળીમાં. એક સેકન્ડમાં કેટલો મોટો ફેરફાર થાય છે! સેકન્ડ પણ નથી લાગતી. આ છીપકલી. તિર્યંચમાં જાય છે ને. બહુ પામર પ્રાણી છે. જીવડા ખાય છે ઘરમાં. જીવડા ખાય છે. આયુષ્ય એના ટૂંકા હોય છે. એવી સ્થિતિમાં જાય છે. એને કાંઈ ખોરાક મળતો નથી. જીવડા ખાય છે.

મુમુક્ષુ :- રાગ જડ છે...

પૂજ્ય ભાઈશ્રી :- રાગ ચૈતન્ય સ્વભાવના સ્વભાવભૂત નથી. જડના આશ્રયે જડ સદૃશ્ય જડવત્ ચૈતન્યવિકાર છે. શું છે? ચૈતન્યવિકાર છે. નિશ્ચયથી ચૈતન્ય વિકાર છે પણ એને જડ પણ કહ્યો છે એમાં સ્વરૂપની દૃષ્ટિ છે. જ્યાં પોતાના ચૈતન્ય સ્વરૂપમાં દૃષ્ટિએ કરીને હુંપણું સ્થાપ્યું ત્યારે એ એમ કહે છે કે આ રાગ છે એ જડ છે, ચૈતન્ય નહિ. ચૈતન્યવિકાર હોવા છતાં એ ચૈતન્ય નહિ એમ કહેવામાં આવે છે. એમ.

એમ કહે છે ને કે શરીરમાં રોગ થાય એ શરીરની અવસ્થા. રાગ આત્માની અવસ્થા, ચૈતન્યવિકાર ચૈતન્યની અવસ્થા. પણ રોગ શેનાથી થયો? કે અમુક પ્રકારનું ઝેર ઉત્પન્ન થયું એટલે રોગ થયો. ડોક્સિકેશન કહે છે કે નહિ? તો એ જે પ્રકારનું ઝેર ઉત્પન્ન થઈને જે શરીરમાં વ્યાપ્યું અને ઝેરમય અવસ્થા થઈ શરીરની, એ શરીર નહિ. શરીર એનો પ્રતિકાર કરશે. શરીરનો સ્વભાવ એ એનો પ્રતિકાર કરશે. એને શરીરનો પ્રતિકાર સ્વભાવ જ કહેવામાં આવે છે. તંદુરસ્તી એ શરીરનો સ્વભાવ છે અને નાદુરસ્તીનો પ્રતિકાર હંમેશા કરે છે. રોગનો પ્રતિકાર કરે છે. છે કે નહિ?

એટલા માટે એને જડકર્મના આશ્રયે એ રાગ ઉત્પન્ન થતો હોવાથી અને જડ જેવો જડ સદૃશ્ય ભાવ ધારણ કરતો હોવાથી એ ભાવને જડ કહેવામાં આવે છે. એમ જડ છે. જડ છે પણ આ રીતે જડ છે. કોઈ એને ચૈતન્યનો વિકાર ન માનીને જડ કહે તો એ ભૂલ છે. એમ નથી. ૯૬૧ થયો.


## નવીન પ્રકાશન
## અધ્યાત્મ સુધા ભાગ-૧૧

પૂજ્ય બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા થયેલ પ્રવચનોનું પુસ્તક 'અધ્યાત્મ સુધા ભાગ-૧૧' પ્રકાશિત કરવામાં આવેલ છે. જે મુમુક્ષુ ભાઈ-બહેનઓ સ્વાધ્યાયાર્થ મંગાવવું હોય તેઓ ટ્રસ્ટના કાર્યાલયમાં સંપર્ક કરી મંગાવી શકે છે.

સંપર્ક :- વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧.


**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જુન-૨૦૧૮)નું શુલ્ક એક મુમુક્ષુ, અમેરિકા તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા



**પ્રશ્ન :-** પ્રમાણજ્ઞાન સાથે ન રાખીએ તો નિશ્ચયાભાસી થવાનો અવકાશ છે?

**સમાધાન :-** હા, નિશ્ચયાભાસી થવાનો અવકાશ છે, તેની દ્રવ્યદૃષ્ટિ જ ખોટી છે.

મુમુક્ષુ :- અનેકાન્તની શૈલી એવી છે કે બંને પાસાંથી સ્વરૂપ તરફ જવાની પ્રેરણા મળે.

બહેનશ્રી :- હા, અનેકાન્તનું સ્વરૂપ જ એવું છે. દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધ છું એમ દૃષ્ટિમાં એકાન્ત આવ્યું ત્યારે દ્રવ્ય-પર્યાયનું જ્ઞાન પણ સાથે રહે છે. એટલે કે સમ્યક્ એકાંતની સાથે અનેકાન્ત રહેલું છે અને તો એકાન્ત સાચું થાય છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૩૭)**

❖

**પ્રશ્ન :-** સમ્યગ્દર્શન કરવા માટે એક ક્ષણભંગુરતાનો વિચાર કરીને વૈરાગ્ય લાવે અને એક આત્માનું બહુમાન લાવે, તે બેમાંથી કાર્યકારી કોણ?

**સમાધાન :-** વૈરાગ્ય લાવવા માટે બધું ક્ષણિક છે એમ વિચારે તેની સાથે આત્માની મહિમા બધું હોય. વૈરાગ્ય આવે તે માટે એમ વિચારે કે આ દેહ ક્ષણભંગુર છે, આ શરીર શાશ્વત નથી, આત્મા મહિમાવંત છે, આ બધું દુઃખરૂપ અને આકુળતામય છે. એમ અનેક પ્રકારથી વૈરાગ્ય આવે. વૈરાગ્ય આવે તેમાં આત્માને ઓળખવાનું ધ્યેય (મુખ્ય) હોવું જોઈએ. મારો આત્મા શાશ્વત છે અને આ દેહ ક્ષણભંગુર છે એમ પોતાના અસ્તિત્વ તરફ પોતાનું જોર આવવું જોઈએ. આ દેહ શાશ્વત નથી, તો શાશ્વત શું છે? શાશ્વત મારો આત્મા છે. આ રીતે શાશ્વત આત્માના ધ્યેયપૂર્વક આ બધું ક્ષણભંગુર છે એ વૈરાગ્ય યથાર્થ છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૩૮)**

❖

**પ્રશ્ન :-** મુખ્યતા આત્માના સ્વભાવની હોય?

**સમાધાન :-** મુખ્યતા આત્માની સ્વભાવની હોવી જોઈએ. એકલી ક્ષણભંગુરતાનો વૈરાગ્ય આવે અને શાશ્વત આત્મા તરફનું ધ્યેય ન હોય તો તે માત્ર વૈરાગ્ય પૂરતું થાય. માટે શાશ્વત આત્માનું જ ધ્યેય હોવું જોઈએ. આત્મા શાશ્વત છે અને આ બધું ક્ષણિક છે, એટલે શાશ્વત આત્માને જ ગ્રહણ કરવો. આ બહારનું કાંઈ ગ્રહણ કરવા જેવું નથી. એ તો પરદ્રવ્ય છે ને તેમાં ફેરફાર થાય છે, પણ મારો આત્મા એકસરખો શાશ્વત રહેનારો છે-આમ તેને ગ્રહણ કરવો. પોતાના તરફનું-પોતાના અસ્તિત્વનું ગ્રહણ-જોર, ધ્યેય અંદરથી આવવું જોઈએ. જો તે આવે તો યથાર્થપણે ત્યાગ થાય. અંદરથી રાગ છૂટે ત્યારે સાચો વૈરાગ્ય આવે અને તે શાશ્વત આત્માના જોરપૂર્વક આવે છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૩૯)**

❖

**પ્રશ્ન :-** નિરંતર ભેદજ્ઞાન કરતાં રહેવું?

**સમાધાન :-** અંતરનો સ્વભાવ ઓળખી નિરંતર ભેદજ્ઞાન કરવું. જોકે અંતરથી ભેદજ્ઞાન થાય ત્યારે જ યથાર્થ ભેદજ્ઞાન થાય; પણ તે ન થાય ત્યાં સુધી ભાવના-રટણ કરે. પ્રથમ ભલે વિકલ્પથી ભેદજ્ઞાન કરે, પણ યથાર્થ તો જ્યારે સહજ થાય ત્યારે થાય. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી અને ભેદજ્ઞાન કરવું તે એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૪૦)**

❉

**પ્રશ્ન :-** દ્રવ્યને અકારણ પારિણામિકભાવ કેવી રીતે કહ્યો છે?

**સમાધાન :-** દ્રવ્યને કોઈ કારણ લાગુ પડતું નથી, તે સ્વતઃસિદ્ધ છે. કોઈના કારણથી દ્રવ્ય પરિણમે એવું હોય તો દ્રવ્ય પરાધીન થઈ જાય. પણ તે તો અનાદિ-અનંત શાશ્વત સ્વતઃસિદ્ધ છે ને પોતાની મેળાએ પોતે પરિણમે છે. વિભાવમાં જનારો પણ પોતે અને સ્વભાવમાં જનારો પણ પોતે છે. કર્મ તો માત્ર નિમિત્ત છે. પોતે જ પરિણમે છે, બીજો કોઈ તેને પરિણમાવતો નથી. દ્રવ્ય સ્વતઃસિદ્ધ અનાદિ-અનંત શુદ્ધ છે અને પોતાની પરિણતિમાં પોતાથી અશુદ્ધ થાય છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૪૧)**

❉

**પ્રશ્ન :-** દ્રવ્યને પર્યાયની પણ અપેક્ષા નથી શું?

**સમાધાન :-** દ્રવ્યને પર્યાયની અપેક્ષા નતી ને પર્યાયની પરિણતિ સ્વતઃ પરિણમે છે, છતાં પર્યાય અને દ્રવ્ય બંનેના તદ્દન કટકા નથી. દ્રવ્યના આશ્રયે પર્યાય થાય છે, પણ બધું સ્વતઃ છે,-કોઈના કારણે કોઈ નથી. દ્રવ્ય પોતે જ પરિણમે છે, અને તેના મૂળ સ્વભાવમાં અશુદ્ધતા થતી નથી. દ્રવ્ય જુદું રહે અને પર્યાય જુદી પરિણમે એમ કટકા નથી. પર્યાય અંશ છે અને દ્રવ્ય અંશી છે તેવો ભેદ છે, પણ સર્વથા આ દ્રવ્યનો કટકો છે અને આ બીજો પર્યાયનો કટકો છે એમ નથી. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૪૨)**

❉

**પ્રશ્ન :-** આ બધું વિસ્તારથી જાણવું જોઈએ?

**સમાધાન :-** કોઈ વિસ્તારથી જાણે કે સંક્ષેપથી જાણે, (પ્રયોજનભૂત) જાણવાનું વચ્ચે આવે છે. આ પર અને આ સ્વ, આ વિભાવ અને આ સ્વભાવ એમ ભેદજ્ઞાન કરે છે તેમાં પણ એટલું જાણવાનું આવે છે. આ સ્વભાવ ને આ વિભાવ એમ ભેદજ્ઞાન કરીને સ્વને જાણે તેમાં વિશેષ ભેદ ન જાણે તો પણ હું એક અખંડ તત્ત્વ છું તેમ ભેગું આવી જાય છે. બાઈ દાળ અને ફોતરાં જુદી કરતી હતી તે જોતાં શિવભૂતિ મુનિ ગુરુનો આશય સમજી ગયા કે ગુરુને આમ કહેવું છે કે જેમ દાળ અને ફોતરાં જુદાં છે તેમ સ્વભાવ અને વિભાવ જુદાં છે. જ્ઞાનીઓ સ્વભાવ-વિભાવને જુદા પડાવીને એક સ્વભાવને બરાબર લક્ષમાં લેવરાવે છે અને એક સ્વભાવને લક્ષમાં લીધો તો તેમાં ગુણ-પર્યાયનું જ્ઞાન સાથે આવી જાય છે. 'આ જ્ઞાયક'-એમ સ્વભાવ ઓળખી લીધો તો આ જ્ઞાયક છે, તે આત્મા પરિણતિવાળો છે, સર્વથા કૂટસ્થ નથી; ગુણભેદ છે છતાં વસ્તુ અભેદ છે, કટકા નથી. એમ બધું જ્ઞાન સાથે આવી જાય છે. યથાર્થ રીતે જ્ઞાયકને લક્ષમાં લેનારો કોઈ પાત્ર હોય તો સંક્ષેપમાં જલદી સમજી જાય છે, વિશેષ ક્ષયોપશમ હોય તે સંક્ષેપથી સમજે; કોઈ વિચાર કરે ને દ્રવ્ય-ગુણ-પર્યાયને (વિસ્તારથી) જાણે. પણ અમુક પ્રકારે જાણે તો જ લક્ષમાં આવે છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૪૩)**

❉

કોઈ કંઈ યોગ્યતા લાવશો તો ઉપશમ ગમે ત્યાંથી પણ મળશે. ઉપશમ મળે અને જેની આજ્ઞાનું આરાધન કરીએ એવા પુરુષનો ખોજ રાખજો.

બાકી બીજાં બધાં સાધન પછી કરવાં યોગ્ય છે. આ સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ વિચારતાં લાગશે નહીં. (વિકલ્પથી) લાગે તો જણાવશો કે જે કંઈ યોગ્ય હોય તે જણાવાય.

૧૯૫

**મુંબઈ, પોષ, ૧૯૪૭**

**સત્સ્વરૂપને અભેદરૂપે અનન્ય ભક્તિએ નમસ્કાર**

માર્ગની ઈચ્છા જેને ઉત્પન્ન થઈ છે, તેણે બધા વિકલ્પો મૂકીને આ એક વિકલ્પ ફરી ફરી સ્મરણ કરવો અવશ્યનો છે :-

''અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી? અને તે શું કરવાથી થાય?''

આ વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે; અને એ વાક્યમાં કહેલી ચિંતના કર્યા વિના, તેને માટે દૃઢ થઈ ઝૂર્યા વિના માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી; પૂર્વે થયું નથી; અને ભવિષ્યકાળે પણ નહીં થશે. અમે તો એમ જાણ્યું છે. માટે તમારે સઘળાએ એ જ શોધવાનું છે. ત્યાર પછી બીજું જાણવું શું? તે જણાય છે.

૧૯૬

**મુંબઈ, માહ સુદ ૭, રવિ, ૧૯૪૭**

મુ-પણે રહેવું પડે છે એવા જિજ્ઞાસુ,

જીવને બે મોટાં બંધન છે : એક સ્વચ્છંદ અને બીજું પ્રતિબંધ. સ્વચ્છંદ ટાળવાની ઈચ્છા જેની છે, તેણે જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ; અને પ્રતિબંધ ટાળવાની ઈચ્છા જેની છે, તેણે સર્વસંગથી ત્યાગી થવું જોઈએ. આમ ન થાય તો બંધનનો નાશ થતો નથી. સ્વચ્છંદ જેનો છેદાયો છે તેને જે પ્રતિબંધ છે, તે અવસર પ્રાપ્ત થયે નાશ પામે છે. આટલી શિક્ષા સ્મરણ કરવારૂપ છે.

વ્યાખ્યાન કરવું પડે તો કરવું; પણ આ કર્તવ્યની હજુ મારી યોગ્યતા નથી અને આ મને પ્રતિબંધ છે, એમ સમજતાં જતાં ઉદાસીન ભાવે કરવું. ન કરવા માટે જેટલા સામાને રુચિકર અને યોગ્ય પ્રયત્ન થાય તેટલા કરવા, અને તેમ છતાંય જ્યારે કરવું પડે તો ઉપર પ્રમાણે ઉદાસીન ભાવ સમજીને કરવું.

૧૯૭

**મુંબઈ, માહ સુદ ૯, મંગળ, ૧૯૪૭**

આપનું આનંદરૂપ પત્ર મળ્યું. તેવા પત્રનાં દર્શનની તૃષા વધારે છે.

જ્ઞાનના 'પરોક્ષ-અપરોક્ષ' વિષે પત્રથી લખી શકાય તેમ નથી; પણ સુધાની ધારા પછીનાં કેટલાંક દર્શન થયાં છે, અને જો અસંગતાની સાથે આપનો સત્સંગ હોય તો છેવટનું પરિપૂર્ણ પ્રકાશે તેમ છે; કારણ કે તે ઘણું કરીને સર્વ પ્રકારે જાણ્યું છે. અને તે જ વાટ તેનાં દર્શનની છે; આ ઉપાધિયોગમાં એ દર્શન ભગવત્ થવા દેશે નહીં, એમ તે મને પ્રેરે છે; માટે એકાંતવાસીપણે જ્યારે થવાશે ત્યારે ચાહીને ભગવતે રાખેલો પડદો એક થોડા પ્રયત્નમાં ટળી જશે. આટલા ખુલાસા સિવાય બીજો પત્ર વાટે ન કરી શકાય.

હાલમાં આપના સમાગમ વિના આનંદનો રોધ છે. વિ. આજ્ઞાંકિત




**૧૯૪**

**મુંબઈ, પોષ, ૧૯૪૭**

જીવને માર્ગ મળ્યો નથી એનું શું કારણ?

એ વારંવાર વિચારી યોગ્ય લાગે ત્યારે સાથેનું પત્ર વાંચજો.

હાલ વિશેષ લખી શકવાની કે જણાવવાની દશા નથી, તોપણ એકમાત્ર તમારી મનોવૃત્તિ કિંચિત્ દુભાતી અટકે એ માટે જે કંઈ અવસરે યોગ્ય લાગ્યું તે લખ્યું છે.

અમને લાગે છે કે માર્ગ સરળ છે, પણ પ્રાપ્તિનો યોગ મળવો દુર્લભ છે.

**સત્સ્વરૂપને અભેદભાવે અને અનન્ય ભક્તિએ નમોનમઃ**

ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે, અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે. અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઈચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આરાધવો. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે. જ્યાં સુધી જીવને સ્વચ્છંદરૂપી અંધત્વ છે, ત્યાં સુધી એ માર્ગનું દર્શન થતું નથી. (અંધત્વ ટળવા માટે) જીવે એ માર્ગનો વિચાર કરવો; દૃઢ મોક્ષેચ્છા કરવી; એ વિચારમાં અપ્રમત્ત રહેવું, તો માર્ગની પ્રાપ્તિ થઈ અંધત્વ ટળે છે, એ નિઃશંક માનજો. અનાદિ કાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે. જોકે તેણે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે અનંતવાર કર્યું છે; તથાપિ જે કંઈ પણ અવશ્ય કરવા યોગ્ય હતું તે તેણે કર્યું નથી; જે કે અમે પ્રથમ જ જણાવ્યું છે.

સૂયગડાંગસૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠાણું પુત્રોને ઉપદેશ્યા છે, મોક્ષમાર્ગે ચઢાવ્યા છે ત્યાં એ જ ઉપદેશ કર્યો છે :

હે આયુષ્યમનો! આ જીવે સર્વે કર્યું છે. એક આ વિના, તે શું? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યા નથી, અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યાં નથી. અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે.

સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે કે જગત આખાનું જેણે દર્શન કર્યું છે, એવા મહાવીર ભગવાન, તેણે આમ અમને કહ્યું છે :- ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષપ્રાપ્ત થયા.

એક આ સ્થળે નહીં પણ સર્વ સ્થળે અને સર્વ શાસ્ત્રમાં એ જ વાત કહેવાનો લક્ષ છે.

**आणाए धम्मो आणाए तवो।**

આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ. (આચારાંગ સૂત્ર)

સર્વ સ્થળે એ જ મોટા પુરુષોનો કહેવાનો લક્ષ છે, એ લક્ષ જીવને સમજાયો નથી. તેના કારણમાં સર્વથી પ્રધાન એવું કારણ સ્વચ્છંદ છે અને જેણે સ્વચ્છંદને મંદ કર્યો છે, એવા પુરુષને પ્રતિબદ્ધતા (લોકસંબંધી બંધન, સ્વજનકુટુંબ બંધન, દેહાભિમાનરૂપ બંધન, સંકલ્પવિકલ્પરૂપ બંધન) એ બંધન ટળવાનો સર્વોત્તમ ઉપાય જે કંઈ છે તે આ ઉપરથી તમે વિચારો. અને એ વિચારતાં અમને જે કંઈ યોગ્ય લાગે તે પૂછજો. અને એ માર્ગે જો

**(અનુસંધાન પાના નં.૧૮ પર...)**